| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૦૮–૦૯–૨૦૨૫ |
| કેસ નોંધણી તારીખ | ૦૮–૦૯–૨૦૨૫ |
| ફેસલ તારીખ | ૧૬–૦૩–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ – માસ– દીવસ |
| | ૦૦ – ૦૬ – ૦૮ |

---

**કાલાવડના મહેરબાન શ્રી પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની અદાલતમાં**
**મુ.કાલાવડ**

---

**રે.દી.મુ નં. ૧૧૧/૨૦૨૫**
**આંક–**

**ગુજરાત વિજ કંપની લી.**
તે ગુજરાત ઉર્જા નિગમ લીમીટેડ અને
ગુજરાત ઈલેકટ્રીસીટ ઈન્ડસ્ટ્રીઝ
(રીઓર્ગેનાઈઝેશન એન્ડ રેગ્યુલેશન એકટ – ૨૦૦૩ નીચે
ઈનકોર્પોરેટ થયેલ કંપની)
**થ્રુ નાયબ ઈજનેરશ્રી,** વેસ્ટ સબ ડીવીઝન, નીકાવા,
મુ નિકાવા તા: કાલાવડ, જી. જામનગર ....... ........ ....... વાદી

વી.

**ભાણજીભાઈ વાલજીભાઈ કંટારીયા**
ઉ.વ.આ.: ૬૦, ધંધો: ખેતી,
રે.: મોટી નાગાજર, તા. કાલાવડ જી.જામનગર ....... ........ ....... પ્રતિવાદી

બાબત:– **દાવો રૂા. ૧૬,૦૯૫–૩૧/– પૈસા વસુલ મળવા અંગે.**

---

વાદીપક્ષે વિધ્વાન વકીલ શ્રી :– પી.ડી.જાડેજા
પ્રતિવાદીપક્ષે વિધ્વાન વકીલશ્રી :– xxxxxx

---

**-: ચુકાદો :-**

૧. હાલનો વાદીએ પ્રતિવાદી પાસેથી દાવાની વિગતે વીજ બીલની લેણી રકમ રૂા. ૧૬,૦૯૫-૩૧/- પૈસા વસુલવા દાવા મુજબ દાદ માંગેલ છે.

૨. દાવાની હકિકત ટુંકમાં એવી છે કે, વાદી પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. તે ગુજરાત ઉર્જા નિગમ લીમીટેડ અને ગુજરાત ઈલેકટ્રીસીટી ઈન્ડસ્ટ્રીઝ (રીઓર્ગેનાઈઝેશન એન્ડ રેગ્યુલેશન) એકટ-૨૦૦૩ નીચે રચાયેલ ઇનકોર્પોરેટ થયેલ કંપની છે, પી.જી.વી.સી.એલ. કોર્પોરેટ ઓફિસ રાજકોટ આવેલ છે જામનગર ડીવીઝન ઓફિસ છે અને નિકાવા સબ ડીવીઝન ઓફિસ હેડીંગમાં દર્શાવ્યા સરનામે છે જે પોતાના કાર્યક્ષેત્ર વિસ્તારમાં તેના ગ્રાહકોને નિયમ અનુસાર વિદ્યુત પુરવઠો પુરો પાડવાનું કામ કરે છે. વાદી કંપનીના સબ ડીવીઝનનું સંચાલન અમો સદર સબ ડીવીઝનના નાયબ ઈજનેર દ્વારા કરવામાં આવે છે. અને તે રીતે હાલનો દાવો લાવવા હકક, અધિકાર છે.

પ્રતિવાદી કાલાવડ તાલુકાના મોટી નાગાજાર ગામે રહેતા હોય તેમને ત્યાં વાદી કંપનીના સક્ષમ અધિકારીની સુચનાથી સર્કલ ડ્રાઈવમાં વાદી કંપનીના દરેડ ઈન્ડસ્ટ્રીઝ સબ ડીવીઝનના જુ.ઈ. ડી. જી. સાકરીયા, ઈલે. આસી. વી. બી. દવેનાએ તા.: ૧૮-૧-૨૦૨૫ ના રોજ ચેકીંગ તપાસણી અહેવાલ નં. AMR 12049 તા.: ૧૮-૧-૨૦૨૫ થી ચેકીંગ કરતા પ્રતિવાદી ચેકીંગ તપાસણી અહેવાલ રોજકામ મુજબ મોટી નાગાજર મુકામે તેના રહેણાંકની બાજુમાં વાદી કંપનીના લાઈટના પોલ પરથી પીળા રંગનો આશરે ૧૦ મીટર પ્લીન વાયરથી જોડાણ તેના ઘરમાં લગાવેલ સ્વીચ બોર્ડમાં વાયર જોડી તપાસણી અહેવાલની વિગતે ૧૦૦૫ વોટનો લોડ ધરાવી અનઅધિકૃત વિજ વપરાશ કરતા હતા જેથી ચેકીંગ શીટ તૈયાર કરી રહેણાંક પ્રકારનો વિજ લોડ ૧૦૦૫ વોટનો હોય પ્રતિવાદી જાતે હાજર હોય તેમણે તપાસણી અહેવાલ રોજકામ એનેક્ષ્ચર - ૪ સહી કરેલ નહી અને સ્થળ પર પંચો નહી મળતા જેથી ચેકીંગ અધિકારીઓએ સહીઓ કરી ચેકીંગના દસ્તાવેજો વાદી કંપનીમાં જમા કરાવેલ.અમો વાદી કંપનીની ચેકીંગ ટીમે પ્રતિવાદીને ત્યાં પકડેલ અનઅધિકૃત વિજ ચોરીના તપાસણી અહેવાલ AMR 12049 રોજકામ, સ્કેચ, ફોટા, એનેક્ષ્ચર - ૪ મુદામાલ ગેટ પાસની વિગતે તા.: ૧૮-૧-૨૦૨૫ ના જમા કરાવતા અમોએ પ્રતિવાદી સામે તા.: ૧૮-૧-૨૦૨૫ ના ધી ઈન્ડીયન ઈલે. એકટ - ૨૦૦૩ કાયદાની કલમ - ૧૩૫ અન્વયે જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન જામનગરમાં ગુ. રજી. નં. સેકન્ડ ૩૦૦/૨૦૨૫ થી પાવર ચોરી ફરીયાદ કરી એનેક્ષ્ચર- સી ની વિગત પ્રતિવાદીને તા.:

૧૮–૧–૨૦૨૫ ના રૂા. ૧૪૮૨૫–૯૫ પૈસાનું ફોરવર્ડીંગ લેટરથી રજી. એડી. પોષ્ટથી બીલ મોકલ્યું પ્રતિવાદી સામે વાદી વિજ કંપનીના ના.ઈ. દરજજે અમોએ આ પહેલા તા.: ૯–૩–૨૦૨૪ ના પાવર ચોરી પ્રતિવાદી કરતા પકડાયેલા હોય તેનું સદર પોલીસ સ્ટેશનમાં ગુ. રજી. નં. સેકન્ડ ૯૪૧/૨૦૨૪ ની ફરીયાદઆપેલી તે રીતે આ બીજી વખતની અનઅધિકૃત પાવર ચોરી હોવાથી નિયમ મુજબ કમ્પાઉન્ડીંગ ચાર્જ બીલ આપેલ નથી ત્યારબાદ પ્રતિવાદીને તા.: ૨૧–૧–૨૦૨૫ ના રજી. એડી. પોષ્ટથી રૂા. ૧૪,૬૨૫–૯૫/– પૈસાની લીગલ નોટીશ આપી છતાં વસુલાતની આપતા પ્રતિવાદી સામે દાવો કરવાની જરૂરત પડેલ છે.પ્રતિવાદીને ત્યાં તા.: ૧૮–૧–૨૦૨૫ના પાવર ચોરી કરતા પકડાતા તપાસણી અહેવાલ AMR 12049 રોજકામ સ્કેચ ફોટોગ્રાફી કરી એનેક્ષ્ચર–૪ ની વિગતે પાવર ચોરી વાયર ૧૦ મીટર મુદામાલ તરીકે જપ્ત કર્યુ પાવર ચોરી પુરવણી બીલ રૂા. ૧૪૬૨૫–૯૫ પૈસાનું તા.: ૧૮–૧–૨૦૨૫ ના ફોરવડીંગ લેટર સાથે રજી. એડી. થી આપ્યુ જે બજી ગયેલ બીજી વખતની પાવર ચોરી હોવાથી કમ્પાઉન્ડીંગ ચાર્જ બીલ આપેલ નથી ત્યારબાદ તા.: ૨૧–૧–૨૦૨૫ ના લ્હેણી રકમ વસુલાત માટે રજી. એડી. પોષ્ટથી લીગલ નોટીશ આપી જે બજી જવા છતાં વસુલાત નહી આપતા દાવો દાખલ કરવાનું કાયદેસરનું કારણ ઉત્પન્ન થયેલ છે  વાદી કંપનીના પાવર ચોરી પુરવણી બીલના પાવર ચોરી પુરવણી બીલના રૂા. ૧૪,૮૨૫–૯૫ પૈસા તથા ડી.પી.સી. ના રૂા. ૧,૨૬૯–૩૬ મળી કુલ રૂા. ૧૬,૦૯૫–૩૧/– પૈસાનું બાકી રોકાય છે પ્રતિવાદી સામે હુકમનામું કરી વાદીને વસુલ અપાવવા તેમજ દાવાનું થયેલ અને થનાર ખર્ચ અપાવવા, વાદીની લ્હેણી રકમ ખોટી રીતે પ્રતિવાદીએ રોકેલ હોય તો દાવાની રકમ ઉપર અને થનાર ખર્ચ ઉપર વાર્ષિક ૧૬% લેખે વ્યાજ વસુલાત થતા સુધીનું અપાવવા, દાવાને અનુરૂપ જે જે દાદ અપાવવી જણાય તે તે દાદ અપાવવા અરજ છે.

3. આ કામે દાવાનો સમન્સ પ્રતિવાદીને ધોરણસર બજી ગયેલ હોય તેમ છતાં પ્રતિવાદી જાતે કે વકીલ મુખત્યાર મારફત કોર્ટ સમક્ષ હાજર ન થતા કે દાવાનો કોઈ જવાબ પણ રજુ ન કરતા કે રીપોર્ટ પણ ન આવતા પ્રતિવાદી સામે દાવાનુ કામ એકતરફી ચલાવવા આંક–૧ નીચે હુકમ કરેલ છે.

૪. બાદમાં  આ કામે આંક–૭  થી મુદાઓ ધડવામાં આવેલ છે. તે મુદાઓ પુરવાર કરવા

માટે વાદીએ નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

## વાદીપક્ષનો મૌખિક પુરાવો

| ક્રમ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી કંપનીના જવાબદાર અધિકારી **આશિષભાઈ મનુનભાઈ સોઢીયા** નુ સરતપાસનુ સોગંદનામુ | ૦૯ |

## વાદીપક્ષનો દસ્તાવેજી પુરાવો

| ક્રમ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નામ જોગ પ્રફોર્મા નં. ૧૨ કોમ્પ્યુટર ખરી નકલ | ૧૧ |
| ૨ | પ્રતિવાદીને ત્યાં તપાસણી અહેવાલ ચેકીંગ શીટ AMR1249 ની ખરી નકલ | ૧૨ |
| ૩ | પ્રતિવાદી નામ જોગ રોજકામ સ્કેચ સહીત તથા ફોટોગ્રાફીની ખરી નકલ | ૧૩ |
| ૪ | પ્રતિવાદી નામ જોગ એનેક્ષ્ચર – ૪ ની ખરી નકલ | ૧૪ |
| ૫ | પ્રતિવાદી નામ જોગ ગેટપાસની ખરી નકલ | ૧૫ |
| ૬ | પ્રતિવાદી નામ જોગ ચેકીગ શીટ ફોટોગ્રાફી અંગે બી.એસ.એ. કલમ ૬૩(૪) સી ના પ્રમાણપત્રની ખરી નકલ | ૧૬ |
| ૭ | પ્રતિવાદી સામે વિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા ફોરવડર્ડીંગ લેટરની ખરી નકલ | ૧૭ |
| ૮ | પ્રતિવાદીએ સામે જામનગર વિજ પોલીસ સ્ટેશનમાં ગુ. રજી. નં. સેકન્ડ ૩૦૦/૨૦૨૫ની એફ.આઈ.આર. ની ખરી નકલ | ૧૮ |
| ૯ | પ્રતિવાદી નામ જોગ એનેક્ષ્ચર – સી ની કોમ્પ્યુટર ખરી નકલ | ૧૯ |
| ૧૦ | પ્રતિવાદી નામ જોગ પાવર પુરવણી ચોરી બીલ આપેલ તેની ખરી નકલ | ૨૦ |
| ૧૧ | પ્રતિવાદીને બન્ને બીલો મોકલાવેલ તે ફોરવડીંગ લેટરની ખરી નકલ | ૨૧ |
| ૧૨ | પ્રતિવાદીને બન્ને બીલો મોકલાવેલ તે પોષ્ટની રજી. એકનોલેઝમેન્ટ સ્લીપ અસલ | ૨૨ |
| ૧૩ | પ્રતિ. સામે આ પહેલા વીજ પો. સ્ટેશનમાં પાવર ચોરી ફરીયાદ કરેલ તે ગુ. રજી. નં. ૯૪૧/૨૪ ની ફરીયાદની ખરી નકલ | ૨૩ |
| ૧૪ | પ્રતિવાદી નામ જોગ ડી.પી.સી. ગણતરી પત્રકની ખરી નકલ | ૨૪ |
| ૧૫ | પ્રતિવાદીને આપેલ લીગલ નોટીશની અસલ ઓ.સી. | ૨૫ |
| ૧૬ | પ્રતિ. ને નોટીશરજી.એડી.થી આપેલ તે પોષ્ટની અસલ એકનોલેઝમેન્ટ સ્લીપ | ૨૬ |
| ૧૭ | પ્રતિવાદી નામ ખાતાના જોગ બ્રીફ નોટની ખરી નકલ | ૨૭ |
| ૧૮ | પ્રતિવાદી સામે દાવો દાખલ કરવા કંપની સેક્રેટરીએ આપેલ સરકયુલરની ખરી નકલ | ૨૮ |
| ૧૯ | કલોઝીંગ પુરશીશ | ૨૯ |

આ કામે પ્રતિવાદી સામે એકતરફી ચલાવવા હુકમ થયેલ છે અને પ્રતિવાદીએ કોઇ પુરાવો રજુ કરેલ નથી.

૫. આ કામે આંક–૦૭ થી ધડવામાં આવેલ મુદાઓ નીચે મુજન છે.

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | શું વાદી સાબિત કરે છે કે, આ કામના પ્રતિવાદીએ વીજચોરી કરેલ છે ? |
| ૨ | શું વાદી સાબિત કરે છે કે, તેઓ આ કામના પ્રતિવાદી પાસેથી વીજચોરીના બાકી બિલની રકમ રૂા.૧૬૦૯૫–૩૧/– પૈસા વસુલ મેળવવા હકકદાર છે ? |
| ૩ | શું વાદી પુરવાર કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી દર માસે દર સેંકડે ૧.૫ % પ્રમાણે વ્યાજની રકમ વસુલ મેળવવા હકકદાર છે ? |
| ૪ | શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| ૫ | શું હુકમ અને હુકમનામું ? |

૬. વાદીએ રજુ થયેલ પુરાવાનુ અને વાદીના વિધ્વાન વકીલશ્રીની દલીલોનુ કાળજીપુર્વક મુલ્યાંકન કરીને દાવાના નિકાલમાટે ઉપસ્થિત થયેલા ઉપરોકત મુદાઓના નિર્ણયો નીચે મુજબ છે.

મુદા નં.૧ :– હકારમાં

મુદા નં.૨ :– હકારમાં

મુદા નં.૩ :– અંશત: હકારમાં

મુદા નં.૪ :– અંશત: હકારમાં

મુદા નં.૫ :– આખરી હુકમ મુજબ

૭. ઉપરોકત નિર્ણયો કરવા અંગેના કારણો નીચે મુજબ છે.

કારણો

**મુદા નં.૧ થી ૫ ના સંયુકત કારણો :–**

ઉપરોક્ત તમામ મુદ્દાઓ વાદીએ પુરવાર કરવાના રહે છે અને હકીકતોનું પુનરાવર્તન કરવું ન પડે તથા પુરાવાની ચર્ચા કરવામાં સરળતા રહે તે માટે આ તમામ મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવેલ છે.

આ કામે વાદીએ દાવાવાળી લેણી રકમ વસુલ લેવા માટેનો દાવો પ્રતિવાદી સામે કરેલ છે. વાદીએ પોતાના સાહેદ તરીકે વાદી કંપનીના નાયબ ઈજનેર નાઓને તપાસેલ છે. જેઓએ દાવા અરજી મુજબ પોતાના સરતપાસના સોગંદનામામાં હકીકતો જણાવેલ છે.

સદર સાહેદની પ્રતિતવાદી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી. વાદી તરફે રજુ પરફોમા-૧૨, ચેકીંગ શીટ, પુરવણી બીલ, સપ્લીમેન્ટ્રી બીલ, એનેક્ષર-સી, એનેક્ષર-૪, ગેટ પાસ તેમજ વાદીના એડવોકેટ દ્વારા પ્રતિવાદીને લીગલ નોટીસ આપવામાં આવેલ તે બજી ગયા અંગેની પોસ્ટ ખાતાની એકનોલેજમેન્ટ સ્લીપ રજુ કરેલ છે તેમજ વાદીના ખાતાનો ઉતારો એટલે કે લેઝર શીટ રજુ કરેલ છે જેમાં પ્રતિવાદીની બાકી લેણી રકમ દર્શાવેલ છે. વધુમાં વાદી તરફે ઉપરોકત તમામ રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આ કામના પ્રતિવાદી વાદી કંપનીના કાયદેસરના ગ્રાહક હોવાની હકીકત જણાઇ આવે છે.

આ તમામ દસ્તાવેજો વાદીના સાહેદ નાયબ ઇજનેરનાઓએ પોતાના સરતપાસની જુબાનીમાં રીફર કરેલ છે. આ તમામ દસ્તાવેજો વાદી સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. જે તમામ દસ્તાવેજો પ્રોપર કસ્ટડીમાંથી રજુ થયેલ છે અને જેન્યુઆઇન છે. વધુમાં, જે બીલની બાકી રકમ છે તે પ્રતિવાદીએ ભરપાઇ કરી દીધેલ હોય તેવો કોઇ પુરાવો પ્રતિવાદીએ હાજર રહી આપેલ નથી કે આ દાવાને કોન્ટેસ્ટ પણ કરેલ નથી. જેથી આ તમામ દસ્તાવેજોને ધ્યાને લેતા એક વાત સ્પષ્ટપણે સાબિત થાય છે કે, પ્રતિવાદીએ વાદી કંપનીના વીજ જોડાણ માંથી વીજ ચોરી કરેલી છે અને તે વીજ બીલની રકમ ભરી આપેલ નથી. જેથી વાદી કંપની એવું પુરવાર કરવામાં સફળ થાય છે કે, આ કામના વાદી પ્રતિવાદી પાસેથી વીજ ચોરી કર્યા અંગેના બીલની રકમ વસુલ લેવા હક્કદાર થાય છે તેવું મારૂ માનવુ છે. વધુમાં વાદીએ પોતાના કથનનાં સમર્થનમાં આંક-૨૪ થી પ્રતિવાદીના નામ જોગ વ્યાજ ગણતરી પત્રક ની ખરી નકલ રજુ રાખેલ છે જે મુજબ પ્રતિવાદી વીજ વપરાશનાં બીલોની ચુકવણીનાં રૂા.૨૬૪૫૦.૮૫ પૈસા ચુકવવા જવાબદાર થાર્યા છે. વધુમાં પ્રતિવાદીએ વાદીની લેણી નીકળતી રકમ વાદીને સમર્યાસર ચુકવી આપેલ ન હોર્યા, પ્રતિવાદી વાદીની લેણી રકમ ઉપર ડીલે પેમેન્ટ ચાર્જીસ સહીતની રકમ ચુકવવા જવાબદાર છે તેવુ આ કોર્ટ માને છે. વધુમાં આ કામે વાદીએ દાવો દાખલ કરતા અગાઉ કાયદેસરની નોટીસ આપેલી છે અને તે નોટીસ આ કામે આંક-૨૫ થી રજુ કરેલ છે અને તે નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ છે અને તે બજી ગયાની એકનોલેજમેન્ટ સ્લીપ આંક-૨૬ થી રજુ કરેલ છે અને તે મુજબ પ્રતિવાદીએ નોટીસ સ્વીકારેલ છે તે નોટીસનો પ્રતિવાદીએ કોઇ જવાબ આપેલ નથી. વધુમાં વાદી દ્વારા દાવો દાખલ કરી લેણી રકમ ઉપર ૧૬ ટકા વ્યાજની માંગણી કરેલ છે પરંતુ વાદી અને પ્રતિવાદી વચ્ચે કોઇ ખાસ કરાર હોય કે વાદી ૧૬ ટકા વ્યાજની રકમ મેળવવા હક્કદાર હોય તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી. આથી વાદી લેણી રકમ ઉપર દાવા

તારીખથી વાર્ષિક ૬ ટકા લેખે સાદુ વ્યાજ મેળવવા હક્કદાર બને છે તેવું અત્રેની અદાલતનું માનવુ છે. વધુમાં આ કામના વાદી પાવરચોરીના વીજ વપરાશના બીલ અંગેની લેણી રકમ પ્રતિતવાદી પાસેથી મેળવવા હક્કદાર બને છે. જે રકમ પ્રતિવાદીએ વાદીને ચુકવી આપેલ નથી તેવું પણ સ્પષ્ટ પણે ફલીત થાય છે. તેવા સંજોગોમાં એક તરફી હુકમનામું કરી આપવું ન્યાયોચીત જણાઇ આવે છે. જેથી મુદ્દા નં. ૧, ૨ નો જવાબ હકારમાં આપી તથા મુદ્દા નં. ૩ તથા ૪ નો જવાબ અંશતઃ હકારમાં આપી એક તરફી દાવાના આધારે વાદીની દાદ અંશતઃ મંજુર કરવામાં આવે છે અને મુદ્દા નં.પ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) વાદીનો દાવો અંશત:મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીને એવો હુકમ કરવામાં આવે છે કે, વાદી કંપનીની લેણી રકમ રૂા. ૧૬,૦૯૫–૩૧/– પૈસા (અંકે સોળ હજાર પચાણુ –એકત્રીસ પૈસા પુરા) દાવા તારીખ થી વાર્ષિક ૬ ટકાના વ્યાજ સહ વાદી કંપનીને ચુકવી આપવી તેવુ ઠરાવવામાં પ્રતિવાદી સદરહું રકમ ભરવામાં કસુર કરે તો તેમની જાત માલ – મિલકતમાંથી આવ છે. વસુલ મેળવવા વાદી કંપની હકકદાર રહેશે તેવું ઠરાવવામાં આવે છે.

(૩) વાદીનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું અને પ્રતિવાદીને થયેલ ખર્ચ તેઓએ જાતે ભોગવવું.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ: ૧૬મી, માહે: માર્ચ, સને: ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

કાલાવડ
તા. ૧૬/૦૩/૨૦૨૬

**(હર્ષદ રાજાભાઇ ખમલ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,
કાલાવડ
**જીજે ૦૧૭૪૯**